SUDHIRKUMAR S. MEHTA
M.A., LL.B.
Advocate & Notary
(M) 9327779151
sudhirmehta29778@gmail.com

BHUMIONE ASSOCIATES

Office : A-401, 4th Floor, THE CAPITAL,
Opp. Hetarth Party Plot, Science City Rd,
Sola, Ahmedabad-380060.
(M) 9879697800
www.bhumione.com
info@bhumione.com

# -: ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ :-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે કલોલની સીમના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બહુહેતુક હેતુવાળી બીનખેતીની જમીન મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ્ડ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલ, રહેવાસી : ૨૧, મણીચંદ્ર સોસાયટી, વિભાગ-૫, સુભાષચોક, મેમનગર, અમદાવાદનાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. અને તેઓની સુચનાથી ગુજરાત સમાચાર વર્તમાનપત્રમાં તા. ૨૦-૦૪-૨૦૨૨ ના રોજથી આપેલ જાહેર નોટીસ તથા સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડના ૭/૧૨ ના ઉતારા, ૮-અ ની નકલ, ગામ નમુના નંબર-૬ (હક્કપત્રક), નોંધમાં સામેલ કરેલ કામના કાગળો તથા સદરહુ જમીન અંગે સબરજીસ્ટ્રાર કચેરીમાંથી મેળવેલ શોધનો અહેવાલ (સર્ચ રીપોર્ટ) તથા આ સાથે આપેલ અભિપ્રાય મુજબ જમીન મહેસુલ કાયદાઓને આધિન તેમજ અન્ય કાયદાઓને આધિન સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે તેવું પ્રમાણપત્ર આપીએ છીએ.

## -: જમીનનું વર્ણન :-

| ગામ | ખાતા નંબર | નવીન સર્વે/બ્લોક | ટી.પી. એફ.પી. | ક્ષેત્રફળ (ચો.મી.) | આકાર રૂા.-પૈસા | સત્તાપ્રકાર |
|---|---|---|---|---|---|---|
| કલોલ તા.કલોલ જિ. ગાંધીનગર | ૨૯૨૫ | ૧૦૧૨/૨ | ટી.પી. ૫ એફ.પી. ૨૦૨/૨ | ૨૨૧૨ | ૧૩૨૭.૦૦ | બહુહેતુક વાળી બીનખેતીની જમીન |

SUDHIR S. MEHTA * SANAD NO. G/3614/1999 * ADVOCATE

**સ્થળ : અમદાવાદ**
**તારીખ :- ૦૪/૦૫/૨૦૨૨**

**સુધીરકુમાર એસ. મહેતા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

SUDHIRKUMAR S. MEHTA
M.A., LL.B.
Advocate & Notary
(M) 9327779151
sudhirmehta29778@gmail.com



Office : A-401, 4th Floor, THE CAPITAL,
Opp. Hetarth Party Plot, Science City Rd,
Sola, Ahmedabad-380060.
(M) 9879697800
www.bhumione.com
info@bhumione.com

SUDHIR S. MEHTA
SANAD NO.
G/3614/1999
ADVOCATE

# -: ટાઈટલ કલીયરન્સ અંગેનો રીપોર્ટ:-

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે કલોલની સીમના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બહુહેતુક હેતુવાળી બીનખેતીની જમીન મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલ, રહેવાસી : ૨૧, મણીચંદ્ર સોસાયટી, વિભાગ-૫, સુભાષચોક, મેમનગર, અમદાવાદનાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. સદરહુ જમીન અંગેના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે.

## ૧. જમીનનું વર્ણન :-

| ગામ | ખાતા નંબર | નવીન સર્વે/બ્લોક | ટી.પી. એફ.પી. | ક્ષેત્રફળ (ચો.મી.) | આકાર રૂ.-પૈસા | સત્તાપ્રકાર |
|---|---|---|---|---|---|---|
| કલોલ તા.કલોલ જિ. ગાંધીનગર | ૨૯૨૫ | ૧૦૧૨/૨ | ટી.પી. ૫ એફ.પી. ૨૦૨/૨ | ૨૨૧૨ | ૧૩૨૭.૦૦ | બહુહેતુક વાળી બીનખેતીની જમીન |

## ૨. રજુ થયેલ/ચકાસણી કરેલ દસ્તાવેજી પુરાવા :-

- મોજે કલોલ, તા. કલોલ, જિ. ગાંધીનગરના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટર જમીનના ૭/૧૨ તથા ૮-અ ની નકલ.
- મોજે કલોલ, તા. કલોલ, જિ. ગાંધીનગરના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટર જમીનના ૭/૧૨ માં પડેલ તમામ હક્ક પત્રકની નકલો.
- તારીખ ૨૦-૦૪-૨૦૨૨ ને બુધવારના રોજ "ગુજરાત સમાચાર" વર્તમાનપત્રમાં પાના નંબર-૭ ઉપર પ્રસિદ્ધ થયેલ જાહેર નોટીસ.

SUDHIR S. MEHTA
SANAD NO. G/3614/1999
ADVOCATE

▶ સને ૨૦૦૭ થી ૨૦૨૨ સુધી કલોલ સબ રજીસ્ટ્રાર કચેરીમાં કરેલ સર્ચ રીપોર્ટ.

ઉપરોક્ત જણાવેલ વિગતે મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલએ અમોને પુરા પાડેલ દસ્તાવેજી પુરાવા તેમજ આધારો સાચાં અને ખરાં છે અને અમોને આપવામાં આવેલ સુચના અને સ્પષ્ટતાના આધારે અમો આ ટાઈટલ રીપોર્ટ આપીએ છીએ.

## ૩. જમીન માલિક :–

▷ મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલ.

## ૪. જમીનનો સત્તા પ્રકાર, વપરાશનો હેતુ તથા ઝોનનો પ્રકાર:–

▷ બહુહેતુવાળી બીનખેતીના ઉપયોગવાળી જમીન.

▷ રહેણાંક હેતુ.

▷ રેસીડેન્સીયલ-I (R1)

## ૫. જમીનમાં વખતોવખત થયેલ ફેરફાર નોંધની વિગત :–

▷ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની જમીન સૌપ્રથમ પા. મોતીદાસ બેચરદાસ તથા પા. લલ્લુભાઈ બેચરદાસના સંયુક્ત ખાતે ચાલતી હતી.

▷ ત્યારબાદ પા. મોતીદાસ બેચરદાસ તથા પા. લલ્લુભાઈ બેચરદાસ ગુજરવાથી તથા ભાઈઓ ભાગની વહેંચણીથી સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની જમીન પા. નાથાભાઈ લલ્લુભાઈના સ્વતંત્ર હિસ્સે આવેલી. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૩૬૧ થી પડેલ છે.

▷ ત્યારબાદ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની જમીનની ટુકડા તરીકે જાહેર કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૩૦૧/૨૨૧ થી તારીખ ૩૧-૦૭-૧૯૫૬ ના રોજથી પડેલ છે.

▷ ત્યારબાદ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની જમીનને નગરપાલિકા વિસ્તારમાં લેવા માટે જાહેરનામાના હુકમની નોંધ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૩૪૧૯ થી તારીખ ૨૬-૦૮-૧૯૭૪ ના રોજથી પડેલ છે.

▷ ત્યારબાદ પા. નાથાભાઈ લલ્લુભાઈનું તારીખ ૦૩-૦૬-૧૯૭૪ ના રોજ બીનવસીયતે અવસાન થવાથી તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે પા. ગાંડાલાલ નાથાલાલ, પા. રણછોડભાઈ નાથાલાલ, મોતીબેન તે નાથાભાઈની વિધવા તથા હિરાબેન તે નાથાભાઈની દિકરી પૈકી પા. ગાંડાલાલ નાથાલાલ, પા. રણછોડભાઈ નાથાલાલના સંયુક્ત નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં

SUDHIR S. MEHTA SANAD NO. G/3614/1999 ADVOCATE

આવેલા અને તેમાં મોતીબેન તે નાથાભાઈની વિધવા તથા હિરાબેન તે નાથાભાઈની દિકરીએ સંમતિ તથા જવાબ આપેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૪૦૨૫ થી તારીખ ૧૮-૧૦-૧૯૭૪ ના રોજથી પડેલ છે.

- ત્યારબાદ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની જમીનના હસ્તલેખિત ૭/૧૨ આધારે કોમ્પ્યુટર ૭/૧૨માં સરકારી પડતરની જગ્યાએ સરકારી શબ્દ લખવા સુધારા હુકમની નોંધ કરવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૧૦૪૦ થી તારીખ ૦૮-૦૫-૨૦૦૭ ના રોજથી પડેલ છે, જે નોંધ કોમ્પ્યુટરમાં આ મુજબના સુધારાની અસર પકડાતી ન હોઈ રદ કરવામાં આવેલ.
- ત્યારબાદ પટેલ નાથાભાઈ લલ્લુભાઈનું બીનવસીયતે અવસાન થવાથી તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો તરીકે પટેલ હીરાબેન નાથાલાલ, પટેલ અંબાબેન ગાંડાલાલ, પટેલ મહેન્દ્રભાઈ ગાંડાલાલ, પટેલ કપિલાબેન ગાંડાલાલ, પટેલ સવિતાબેન ગાંડાલાલ, પટેલ જયંતિભાઈ ગાંડાલાલ તથા પટેલ ગીરીશભાઈ ગાંડાલાલના સંયુકત નામો રેવન્યુ રેકર્ડમાં વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલા. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૩૭૨૯ થી તારીખ ૦૨-૦૬-૨૦૧૨ ના રોજથી પડેલ છે, જે નોંધ વાંધાઅરજી આવેલ હોઈ સમીક્ષા અર્થે રજુ મૈયત જનારનું નામ ૭/૧૨માં ચાલતું નથી તથા મૈયત જનારનો મરણનો દાખલો નથી તેવા શેરા સાથે નામંજુર કરવામાં આવેલ.
- ત્યારબાદ પટેલ રણછોડભાઈ નાથાભાઈએ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટર જમીન પૈકી ૧૮૭૧ ચોરસમીટર જમીન પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકા), દિલીપકુમાર નારણદાસ પટેલ (૧૫ ટકા), પ્રકાશકુમાર ભીખાભાઈ પટેલ (૧૫ ટકા), જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ પટેલ (૧૦ ટકા), વિનોદચંદ્ર બાબુલાલ પટેલ (૧૦ ટકા), વસંતભાઈ જોઈતારામ પટેલ (૧૫ ટકા), ચેરીસ ઘનશ્યામભાઈ પટેલ (૧૦ ટકા) તથા દિવ્યાંગ બાબુલાલ પટેલ (૧૦ ટકા)ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૫૫૧ થી તારીખ ૧૮-૦૧-૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૬૫૯૬ થી તારીખ ૨૩-૦૧-૨૦૨૦ ના રોજથી પડેલ છે.
- ત્યારબાદ પટેલ ગાંડાભાઈ નાથાભાઈએ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટર જમીન પૈકી ૧૮૭૨ ચોરસમીટર જમીન પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકા), દિલીપકુમાર નારણદાસ પટેલ (૧૫ ટકા), પ્રકાશકુમાર ભીખાભાઈ પટેલ (૧૫ ટકા), જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ પટેલ (૧૦ ટકા), વિનોદચંદ્ર બાબુલાલ પટેલ (૧૦ ટકા), વસંતભાઈ જોઈતારામ પટેલ (૧૫ ટકા), ચેરીસ ઘનશ્યામભાઈ પટેલ (૧૦ ટકા) તથા દિવ્યાંગ બાબુલાલ પટેલ (૧૦ ટકા)ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૫૮૧ થી તારીખ ૨૦-૦૬-૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે. આ વેચાણ દસ્તાવેજમાં અંબાબેન ગાંડાભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ગાંડાભાઈ પટેલ, કપિલાબેન ગાંડાભાઈ પટેલ, સવિતાબેન

SUDHIR S. MEHTA
SANAD NO. G/3614/1999
ADVOCATE

ગાંડાભાઈ પટેલ, ગીરીશકુમાર ગાંડાભાઈ પટેલ તથા જયંતિભાઈ ગાંડાભાઈ પટેલે ત્રીજીતરફવાળા કન્ફર્મીંગ પક્ષકાર તરીકે સામેલ થઈને કબુલાત આપેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૬૭૫૫ થી તારીખ ૨૬-૦૬-૨૦૨૦ ના રોજથી પડેલ છે.

- ▷ મે. જિલ્લા કલેકટરશ્રી, ગાંધીનગરના હુકમક્રમાંક-૧૪૧૮/૦૬/૦૧/૦૦૧/૨૦૨૦ થી તારીખ ૨૯-૧૦-૨૦૨૦ ના રોજના હુકમથી સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨ પૈકીની ૨૨૧૨ ચોરસમીટર જમીનને બહુહેતુક માટે બીનખેતીની મંજુરી આપવામાં આવેલ. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૭૦૧૪ થી તારીખ ૨૯-૧૦-૨૦૨૦ ના રોજથી પડેલ છે.
- ▷ ત્યારબાદ (૧) પાર્થ સુરેશભાઈ પટેલ, (૨) પટેલ દિલીપકુમાર નારણદાસ, (૩) પટેલ પ્રકાશકુમાર ભીખાભાઈ, (૪) પટેલ જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ, (૫) પટેલ વિનોદચંદ્ર બાબુલાલ, (૬) પટેલ વસંતભાઈ જોઈતારામ, (૭) પટેલ ચેરીશ ઘનશ્યામભાઈ તથા (૮) પટેલ દિવ્યાંગ બાબુલાલ પાસેથી સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા)માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨ પૈકીની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન અમો ડેકલેરશન કરનાર યાને કે મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સિગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૯૨૯ થી તારીખ ૦૪-૦૩-૨૦૨૧ ના રોજથી નોંધાયેલ છે. જે બદલની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નંબર-૧૭૩૦૯ થી તારીખ ૧૫-૦૩-૨૦૨૧ ના રોજથી પડેલ છે.

આમ, એ રીતે મોજે કલોલની સીમના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બહુહેતુક હેતુવાળી બીનખેતીની જમીન રહેણાંકના હેતુ માટે મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલ, રહેવાસી : ૨૧, મણીચંદ્ર સોસાયટી, વિભાગ-૫, સુભાષચોક, મેમનગર, અમદાવાદનાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને તેઓના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી આવેલ છે.

SUDHIR S. MEHTA ADVOCATE SANAD NO. G/3614/1999

## ૬. સબરજીસ્ટ્રાર કચેરીમાંથી મેળવેલ શોધનો અહેવાલ (સર્ચ રીપોર્ટ) :-

- ▷ સદરહુ જમીન બાબતે અમોએ રજુ થયેલ દસ્તાવેજો આધીન રેકર્ડની ચકાસણી તેમજ સબરજીસ્ટ્રાર કચેરી, કલોલની કચેરીમાં ઉપસ્થિત તમામ રેકર્ડની તપાસ/શોધ તારીખ ૨૦-૦૪-૨૦૨૨ ના રોજ સને ૨૦૦૭ થી ૨૦૨૨ સુધીનું રેકર્ડ સબરજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરી રેકર્ડની સ્થિતિ જણાવેલ છે, જે તપાસતાં સદરહુ જમીન બાબતે નોંધાયેલ દસ્તાવેજોની વિગત નીચે મુજબ છે.
- ▷ પટેલ રણછોડભાઈ નાથાલાલે ખાતા નંબર-૨૩૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ ૧૮૭૧ ચોરસમીટર જમીન (૧) પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકાના હિસ્સેદાર), (૨) પટેલ દિલીપકુમાર નારણદાસ (૧૫ ટકાના હિસ્સેદાર), (૩) પટેલ પ્રકાશકુમાર ભીખાભાઈ (૧૫ ટકાના હિસ્સેદાર), પટેલ જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર), (૪) પટેલ વિનોદચંદ્ર બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર), (૫) પટેલ વસંતભાઈ જોઈતારામ (૧૫ ટકાના હિસ્સેદાર), (૬) પટેલ ચેરીસ ઘનશ્યામભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા (૭) પટેલ દિવ્યાંગ બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર) ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૫૫૧ થી તારીખ ૧૭-૦૧-૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે.
- ▷ પટેલ ગાંડાભાઈ નાથાલાલે ખાતા નંબર-૨૩૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ ૧૮૭૧ ચોરસમીટર જમીન (૧) પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકાના હિસ્સેદાર), (૨) પટેલ દિલીપકુમાર નારણદાસ (૧૫ ટકાના હિસ્સેદાર), (૩) પટેલ પ્રકાશકુમાર ભીખાભાઈ (૧૫ ટકાના હિસ્સેદાર), પટેલ જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર), (૪) પટેલ વિનોદચંદ્ર બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર), (૫) પટેલ વસંતભાઈ જોઈતારામ (૧૫ ટકાના હિસ્સેદાર), (૬) પટેલ ચેરીસ ઘનશ્યામભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા (૭) પટેલ દિવ્યાંગ બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર) ને તારીખ ૧૮-૦૧-૨૦૨૦ ના રોજથી અનુક્રમ નંબર-૫૫૧ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજમાં કબુલાત આપવા અંગે કબુલાતનો લેખ કરી આપેલ. આ કબુલાતનો લેખ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૭૯૯ થી તારીખ ૧૭-૦૨-૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે.
- ▷ પટેલ રણછોડભાઈ નાથાલાલ, પટેલ અંબાબેન ગાંડાભાઈ, પટેલ મહેન્દ્રભાઈ ગાંડાભાઈ, પટેલ કપિલાબેન તે ગાંડાભાઈ નાથાલાલની પુત્રી અને પટેલ બળદેવભાઈ ઈશ્વરભાઈની પત્ની, પટેલ સવિતાબેન તે ગાંડાભાઈ નાથાલાલની પુત્રી અને પટેલ જયંતિભાઈ લાલજીભાઈની પત્ની, પટેલ ગીરીશકુમાર ગાંડાલાલ, પટેલ જયંતિભાઈ ગાંડાલાલના તરફે અને વતી કુલમુખત્યાર તરીકે પટેલ કોકીલાબેન જયંતિભાઈએ ખાતા નંબર-૨૮૨૧, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન પૈકી વગર વહેંચાયેલ ૧૮૭૨ ચોરસમીટર

જમીન (૧) પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકાના હિસ્સેદાર), (૨) પટેલ દિલીપકુમાર નારણદાસ (૧૫ ટકાના હિસ્સેદાર), (૩) પટેલ પ્રકાશકુમાર ભીખાભાઈ (૧૫ ટકાના હિસ્સેદાર), પટેલ જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર), (૪) પટેલ વિનોદચંદ્ર બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર), (૫) પટેલ વસંતભાઈ જોઈતારામ (૧૫ ટકાના હિસ્સેદાર), (૬) પટેલ ચેરીસ ઘનશ્યામભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા (૭) પટેલ દિવ્યાંગ બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર) ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૩૫૮૧ થી તારીખ ૨૦-૦૬-૨૦૨૦ ના રોજથી નોંધાયેલ છે.

▷ (૧) પાર્થ સુરેશભાઈ પટેલ (૧૫ ટકાના હિસ્સેદાર), (૨) પટેલ દિલીપકુમાર નારણદાસ (૧૫ ટકાના હિસ્સેદાર), (૩) પટેલ પ્રકાશકુમાર ભીખાભાઈ (૧૫ ટકાના હિસ્સેદાર), પટેલ જીગ્નેશકુમાર પુરૂષોત્તમભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર), (૪) પટેલ વિનોદચંદ્ર બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર), (૫) પટેલ વસંતભાઈ જોઈતારામ (૧૫ ટકાના હિસ્સેદાર), (૬) પટેલ ચેરીસ ઘનશ્યામભાઈ (૧૦ ટકાના હિસ્સેદાર) તથા (૭) પટેલ દિવ્યાંગ બાબુલાલ (૧૦ ટકાના હિસ્સેદાર) એ સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની કુલ ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા)માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨ પૈકીની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સિગ્નેચરી પટેલ દીલીપકુમાર નારણદાસ પટેલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આ વેચાણ દસ્તાવેજ મે. કલોલના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૯૨૯ થી તારીખ ૦૪-૦૩-૨૦૨૧ ના રોજથી નોંધાયેલ છે.

ઉપરોકત વેચાણ વ્યવહાર સિવાય અન્ય કોઈ વ્યવહારની વિગતો જાણવા મળેલ નથી.

નોંધ :- સબરજીસ્ટ્રારશ્રીની કચેરીમાં લાગતી વળગતી જમીન અંગે થયેલા વ્યવહારો-હસ્તાંતરોનાં અનુસંધાને ઈન્ડેક્ષ-૨નો જે રેકર્ડ જાહેર જનતાની તપાસણી અર્થે રાખેલ છે તે રેકર્ડ સને ૨૦૨૦-૨૦૨૧ (૨૦૨૨ ચાલુ સાલ) સુધીનો તૈયાર કરી રાખવામાં આવેલ છે અને તે પૈકી અગાઉનાં કેટલાંક વર્ષોનું હસ્ત લેખિત રેકર્ડ અપુરતું છે અગર તો તેવા રેકર્ડમાંથી અમુક પાનાઓ ફાટી ગયેલ હોઈ તેની તપાસણી થઈ શકેલ નથી એટલું જ નહીં પરંતુ સને ૧૯૯૪ની સાલથી તથા ત્યારબાદ ગુજરાત રાજ્યનાં કેટલાંક શહેરો તથા તાલુકાના નાના શહેરો વિગેરેમાં ઈન્ડેક્ષ-૨નું રેકર્ડ કોમ્પ્યુટરાઈઝડ થયેલ છે અને તેવા કોમ્પ્યુટરાઈઝડ ઈન્ડેક્ષ-૨ જાતે જોઈ તપાસી શકતાં નથી પરંતુ લાગતા-વળગતા સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીનાં અધિકૃત કર્મચારીઓ દ્વારા લાગતી-વળગતી જમીનનો ઈન્ડેક્ષ-૨ નાં સર્ચ ઈન્સ્પેકટરની સબરજીસ્ટ્રારશ્રીના સહિ-સિક્કા સહિતની કોમ્પ્યુટરાઈઝડ નકલો કોમ્પ્યુટર મશીનની અનિયમિતતા અને અથવા ટેકનીકલ કારણોસર અથવા ભુલથી ખામી ભરેલી ઈન્ડેક્ષ-

૨નાં સર્ચ ઈન્સપેકશનની નકલો આપવામાં આવે છે કે જેમાં લાગતી-વળગતી જમીન અંગેનો વ્યવહારો-હસ્તાંતરો થયા હોવા છતાં તે દર્શાવતાં નથી કે તેની સચોટ માહિતી મળી શકેલ નથી તે તમામની ખાતરી કર્યા બાદ આ ટાઈટલ રીપોર્ટ આપવામાં આવેલ છે.

## ૭. જાહેર નોટીસ :–

▷ સદરહુ જમીન પરત્વેના રાઈટસ, ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલ અન્ય કોઈ વ્યક્તિ, ઈસમ, પેઢી કે કંપની કે અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, ખોરાકી-પોશાકી કે દાવો-અલાખો કે ચાર્જ, બોજો, લીયન પોષાતો હોય તો તે વાંધા મંગાવતી જાહેર નોટીસ "ગુજરાત સમાચાર" વર્તમાનપત્રમાં તારીખ ૨૦-૦૪-૨૦૨૨ ના રોજ પાના નંબર-૭ ઉપર પ્રસિદ્ધ કરાવેલ. આ જાહેર નોટીસના અનુસંધાને કોઈપણ વ્યક્તિ, ઈસમ, પેઢી કે કંપની કે અન્ય કોઈના લેખિત, મૌખિક, ટેલીફોનીક કે ઈત્તર કોઈપણ પ્રકારના વાંધા અમો એડવોકેટશ્રીને આજદિન સુધી મળેલ નથી.

## ૮. અભિપ્રાય :–

આમ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે કલોલની સીમના ખાતા નંબર-૨૯૨૫, સર્વે/બ્લોકનંબર-૧૦૧૨/૨ ની ૩૭૪૩ ચોરસમીટર જમીનનો ટી.પી.સ્કીમ નંબર-૫ (કલોલ-ઓળા-બોરીસણા) માં સમાવેશ થતાં તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૨૦૨/૨ ની ૨૨૧૨ ચોરસમીટરના ક્ષેત્રફળની બહુહેતુક હેતુવાળી બીનખેતીની જમીન રહેણાંકના હેતુ માટે મે. શિલ્પ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝ સીગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ પટેલની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે તેમજ તેમના સ્વતંત્ર નામે ચાલતી આવેલ છે. અમારા અસીલે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ બહુ હેતુવાળી બીનખેતીની જમીન છે અને સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ અને માર્કેટેબલ છે અને જે બદલ ઉપરોકત અવલોકન તથા જમીન મહેસુલ કાયદાઓને આધીન તેમજ અન્ય કાયદાઓને આધીન ટાઈટલ કલીયર હોવા અંગેનો અભિપ્રાય આપવામાં આવેલ છે.

**સ્થળ : અમદાવાદ**
**તારીખ :- ૦૪/૦૫/૨૦૨૨**

SUDHIR S. MEHTA
SANAD NO. G/3614/1999
ADVOCATE

..............................
**સુધીરકુમાર એસ. મહેતા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

ગુજરાત સમાચાર

# જાહેર નોટિસ

**મોજે-કલોલ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ-ગાંધીનગર, સબડીસ્ટ્રીક્ટ તથા તાલુકા-કલોલના મોજે ગામ-કલોલની સીમના ખાતા નંબર-૨૯૨૫મા સમાવિષ્ટ સર્વે નં. ૧૦૧૨/૨, હે.આરે.ચો.મી. ૦-૩૭-૪૩ની જમીન જેનો સમાવેશ ટી.પી. નં. ૫ (કલોલ-ઓળા-બોરીસણા)માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૦૨ પૈકીની ૨૨૧૨ ચો.મી. રહેણાંક હેતુ સારૂની બીનખેતીની જમીન મે. શિલ્પ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઈઝડ સિગ્નેચરી પટેલ દિલીપકુમાર નારણદાસ, રહે-૪, મણીચંદ્ર સોસાયટી, વિભાગ-૫, સુરધારા સર્કલની પાસે, થલતેજ, અમદાવાદની ઉપરોક્ત ભાગીદારી પેઢીની સંપૂર્ણ સ્વતંત્ર માલિકી-કબજા ભોગવટાની બોજા રહિતની હોવાનું જણાવી સદરહું રહેણાંક હેતુ સારૂની બીનખેતીની જમીન અંગેના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે.

તો સદરહું રહેણાંક હેતુ સારૂની બીનખેતીની જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો વિગેરે કોઈપણ પ્રકારનો હક્ક પોષાતો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહીત લેખીત જાણ નીચેના સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, હિત-હિસ્સો, દાવો કે બોજો, લીયન કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હક્કો નથી અને હોય તો તે જતા (Waive) કરેલા છે. તેમ સમજી સદરહું જમીનનું ટાઈટલ ક્લીયરન્સ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કેવાંધો ચાલશે નહીં. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૯/૦૪/૨૦૨૨

સુધીરકુમાર એસ. મહેતા
(એડવોકેટ & નોટરી)
**મો. નં. ૯૩૨૭૭ ૭૯૧૫૧**
**C/O, ભુમિવન એસોસીએટસ**
એ-૪૦૧, ચોથે માળે, 'ધ કેપિટલ', સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
મો. નં. ૯૮૭૯૬૯૭૮૦૦.

Page-No-7
Date:-20/04/2022

Ahmedabad Edition
Apr 20, 2022 Page No. 1